વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

તા.૩૦/૦૯/૨૦૨૬

વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભા આજ તા.૩૦/૦૯/૨૦૨૬ને બુધવારના રોજ સવારે ૧૧.૩૦ કલાકે મેયરશ્રીના અધ્યક્ષસ્થાને વાપી મહાનગરપાલિકા હસ્તકના મોરારજી દેસાઈ ભવનના બીજા માળે મીટીંગ હોલમાં એજન્ડાના કામોના નિકાલ માટે મળી.

જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર/ગેરહાજર રહેલ હતા

હાજર/ગેરહાજર રહેલ સભ્યશ્રીઓ

અનુ.નં	વોર્ડ નં.	ચૂંટાયેલા સદસ્યશ્રીનું નામ	હોદ્દો	સહી
૧	૪	શ્રીમતી દક્ષાબેન રાજેશભાઇ પટેલ	મેયરશ્રી	હાજર
૨	૯	શ્રી મિતેષ નવનીતલાલ દેસાઇ	ડે.મેયરશ્રી	હાજર
૩	૧	શ્રીમતી ભૂમિકાબેન સંતોષભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૪	૧	શ્રીમતી ઉન્નતિ રિકેનભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૫	૧	શ્રી મયુરકુમાર પ્રવિણભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૬	૧	શ્રી સંદિપભાઇ અમૃતભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૭	૨	શ્રીમતી અંજનાબેન સંજયભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૮	૨	શ્રીમતી ઉષા વિજયભાઇ ઢોલરિયા	સભ્યશ્રી	હાજર
૯	૨	શ્રી યોગેશભાઇ રામુભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૧૦	૨	શ્રી કૌશિક પ્રલાદભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૧૧	૩	શ્રીમતી દક્ષાબેન જગદીશભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૧૨	૩	શ્રીમતી સુનિતા ઉમેશચંદ્ર તિવારી	સભ્યશ્રી	હાજર
૧૩	૩	શ્રી વિજયભાઈ છોટુભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૧૪	૩	શ્રી શમસુદ્દીન નુરૂદ્દીન ચૌધરી	સભ્યશ્રી	હાજર
૧૫	૪	શ્રીમતી ચાર્મીબેન તેજસભાઇ વસી	સભ્યશ્રી	હાજર
૧૬	૪	શ્રી દેવેન્દ્ર લલ્લુભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૧૭	૪	શ્રી દર્પણ વિનોદરાય દેસાઇ	સભ્યશ્રી	હાજર
૧૮	૫	શ્રીમતી કવિતા સંજય દુધૈયા	સભ્યશ્રી	હાજર
૧૯	૫	શ્રીમતી દેવલ દિપકભાઇ દેસાઇ	સભ્યશ્રી	હાજર
૨૦	૫	શ્રી સન્ની ગોવિંદભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૨૧	૫	શ્રી સતિષભાઈ ગંગારામભાઈ પટેલ	સભ્યશ્રી	હાજર
૨૨	૬	શ્રીમતી મીત્તલબેન મનોજભાઈ નંદાણીયા	સભ્યશ્રી	હાજર
૨૩	૬	તસ્લીમ સુલ્તાન બાબુલ	સભ્યશ્રી	હાજર
૨૪	૬	શ્રી ધર્મેશ વેસ્તાભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૨૫	૬	શ્રી ભવલેશ જીવરાજભાઇ કોટડીયા	સભ્યશ્રી	હાજર
૨૬	૭	શ્રીમતી ખુશ્બુબેન નિલેશભાઇ નાયકા	સભ્યશ્રી	હાજર
૨૭	૭	શ્રીમતી મનીશાબેન દિનેશભાઇ દાયમા	સભ્યશ્રી	રજા રીપોર્ટ
૨૮	૭	શ્રી ધરમકુમાર કાન્તીલાલ પટેલ	સભ્યશ્રી	હાજર
૨૯	૭	શ્રી જયેશભાઇ અશ્વિનભાઈ કંસારા	સભ્યશ્રી	હાજર

FOR INFORMATION PURPOSE

વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

તા.૩૦/૦૯/૨૦૨૬

૩૦	૮	શ્રીમતી પ્રિયંકા ચેતનભાઇ કહાર	સભ્યશ્રી	રજારીપોર્ટ
૩૧	૮	શ્રીમતી નેહલ મનિષ નાયક	સભ્યશ્રી	હાજર
૩૨	૮	શ્રી રણજીતભાઇ રમણભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૩૩	૮	શ્રી બિમલકુમાર પ્રવિણચંદ્ર શાહ	સભ્યશ્રી	હાજર
૩૪	૯	શ્રીમતી ટીનાબેન ભુપેન્દ્રભાઇ હળપતિ	સભ્યશ્રી	હાજર
૩૫	૯	શ્રીમતી મીતલબેન કુંજલ શાહ	સભ્યશ્રી	હાજર
૩૬	૯	શ્રી વિપુલચંદ્ર લાલુભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૩૭	૧૦	શ્રીમતી સ્મિતાબેન રાકેશકુમાર પટેલ	સભ્યશ્રી	હાજર
૩૮	૧૦	શ્રીમતી ઉરમિલા મહેશભાઇ યાદવ	સભ્યશ્રી	હાજર
૩૯	૧૦	શ્રી અજયકુમાર શશીકાંત મહેતા	સભ્યશ્રી	હાજર
૪૦	૧૦	શ્રી પીરમહંમદ ઇસ્ત્યાક અહમદ મકરાણી	સભ્યશ્રી	હાજર
૪૧	૧૧	શ્રીમતી નસરીનબેન નાસીરભાઇ પાનવાલા	સભ્યશ્રી	હાજર
૪૨	૧૧	શ્રીમતી જેતલ મંગેશ પટેલ	સભ્યશ્રી	રજારીપોર્ટ
૪૩	૧૧	શ્રી ખંડુભાઇ ગુલાબભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૪૪	૧૧	શ્રી હર્ષદકુમાર ચીમનભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૪૫	૧૨	શ્રીમતી રેશ્માબેન નિલેશભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૪૬	૧૨	શ્રીમતી અસ્મિતા જીતેશભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૪૭	૧૨	શ્રી સ્નેહલકુમાર ચીમનભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૪૮	૧૨	શ્રી જીતેન્દ્ર મણીલાલ માહયાવંશી	સભ્યશ્રી	હાજર
૪૯	૧૩	શ્રીમતી કિષ્ના રિતેશ ભાનુશાલી	સભ્યશ્રી	હાજર
૫૦	૧૩	શ્રીમતી નરગિશ સોકતખાન ખાન	સભ્યશ્રી	હાજર
૫૧	૧૩	શ્રી દિપકભાઇ છોટુભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૫૨	૧૩	શ્રી દિનેશ હરીહર પ્રસાદ	સભ્યશ્રી	હાજર

- આજની સભામાં સભાનું કોરમ થવાથી મેયરશ્રી ધ્વારા સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું. સભ્યશ્રીઓનો રજા રીપોર્ટ માન્ય રાખી આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી. સભાની શરૂઆત મેયરશ્રી ના વ્યક્તવ્યથી કરવામાં આવી. માન. મેયરશ્રી દ્વારા ડે.મેયર, સ્થાયી સમિતિના ચેરમેન, કમિશ્નર, ડે. કમિશ્નર, વિરોધ પક્ષના નેતા તથા તમામ વોર્ડના સભ્યશ્રીઓ(કાઉન્સિલરો), તમામ વિભાગીય અધિકારી તથા પત્રકાર મિત્રોનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ રાષ્ટ્રગીત "વંદે માતરમ" થી આગળની સભા શરૂ કરવામાં આવી. મેયરશ્રીએ આગળની કાર્યવાહી કરવા માટે ડે. મેયરશ્રીને જણાવવામાં આવ્યુ.
- ત્યારબાદ સભાની શરૂઆત એજન્ડાના કામ નં.-૧ થી થઈ.

કામ નં.૧ વાપી મહાનગરપાલિકાની તા.૩૧/૦૮/૨૦૨૬ના રોજની સામાન્ય સભાને બહાલી આપવા બાબત.

વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભાની મીટીંગ તા.૩૧/૦૮/૨૦૨૬ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે વાપી મહાનગરપાલિકા હસ્તકના મોરારજી દેસાઈ ભવનના બીજા માળે મીટીંગ હોલમાં મળી હતી. જે સામાન્ય સભાની મીટીંગમાં

FOR INFORMATION PURPOSE

લેવામાં આવેલ ફૂલ કામ નં.૦૧ થી ૦૭ અન્વયે થયેલ ચર્ચા વિચારણા બાદ સમાન્ય સભામાં લેવામાં આવેલ નિર્ણય અર્થે થયેલ ઠરાવ નં.૧૩ થી ૧૯ ને આજની સભામાં સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૨૦

- વધુમાં સભ્યશ્રી ખંડુભાઈ દ્વારા જણાવવામાં આવ્યું કે, તા.૩૦/૦૮/૨૦૨૬ ના રોજની સમાન્ય સભાના કામ નં. ૭ ના ઠરાવ નં. ૧૯ માં પ્રધાનમંત્રી આવાસ યોજનાની ચર્ચા થયેલ છે જેમાં પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ બનાવવામાં આવેલ સરકારી આવાસોના બાંધકામની ગુણવત્તા નબળી જણાયેલ છે. લાભાર્થીઓની સલામતી અને સરકારી ગ્રાન્ટના યોગ્ય ઉપયોગને ધ્યાને રાખી આ અંગે તાત્કાલિક ટેકનિકલ તપાસ કરાવવા અને ગુણવત્તા ચકાસણી હાથ ધરવા સભ્યશ્રી દ્વારા રજૂઆત કરવામાં આવી. જે સદરહુ બાબતે ડે. મેયરશ્રી તથા કમિશ્નરશ્રી દ્વારા સભાને ખાતરી આપતાં જણાવવામાં આવ્યું કે, સદરહુ યોજના હેઠળ જેતે લાભાર્થીએ કોન્ટ્રાકટર/એજન્સી પસંદ કરવાની થાય છે અને લાભાર્થીના સીધી દેખરેખ હેઠળ અને તેઓના નિયંત્રણમાં કામગીરી થતી હોય છે. જેમાં વાપી કોર્પોરેશનનું સીધું કોઈ નિયંત્રણ હોતું નથી. તેમ છતાં બાંધકામની ગુણવત્તા અંગે રજૂ થયેલી ફરિયાદ અન્વયે બાંધકામ કરનાર સંબંધિત કોન્ટ્રાક્ટરને રૂબરૂ બોલાવી આ બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવશે અને નિયમોનુસારની જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- વધુમાં સભ્યશ્રી ખંડુભાઈ દ્વારા વર્તમાનપત્રો (ન્યૂઝ પેપર) માં આવેલા સમાચાર/કટઆઉટ મુજબ ટાઉન પ્લાનિંગમાં ૪૦% કે ૬૦% કપાત અંગે રજૂઆત કરવામાં આવી. આ બાબતે માનનીય ડેપ્યુટી મેયરશ્રી દ્વારા જણાવામાં આવ્યું કે, આ અંગે રાજ્ય સરકારશ્રી દ્વારા જે પણ નિયમો/નીતિ-નિયમો મંજુર કરવામાં આવશે, તે મુજબ જ મંજૂરી આપી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

કામ નં.૨- તા.૧૧/૦૯/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ તથા ખાસ સમિતિને કામો મંજુર કરવા, ખર્ચની તથા કરાર કરવાની સત્તા મંજુરી આપવા બાબત.

વાપી મહાનગરપાલિકાની તા.૧૧/૦૯/૨૦૨૬ ની સ્થાયી સમિતિનો ઠરાવ નં.૧૨૨ આજની સભામાં બહાલી અર્થે રજુ કરવામાં આવ્યું જેમાં દર્શાવ્યા મુજબ વાપી મહાનગરપાલિકાની રચના તા.૦૧/૦૧/૨૦૨૫થી અસ્તિત્વમાં આવેલ છે. વાપી મહાનગરપાલિકા પ્રથમ ચૂંટણી બાદ બોડી અસ્તિત્વમાં ન આવે ત્યાં સુધી ધી જી.પી.એમ.સી. એકટની કલમ-૭(ક) મુજબ વહીવટદારશ્રી ધ્વારા કામગીરીનું સંચાલન કરવામાં આવે છે. વાપી મહાનગરપાલિકાની પ્રથમ સામાન્ય ચૂંટણી હાલમાં પૂર્ણ થયેલ છે અને ગુજરાત સરકારશ્રી ધ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ ગેઝેટમાં સભ્યશ્રીઓ નક્કી થયેલ છે. વધુમાં ધી જી.પી. એમ. સી. એકટ-૧૯૪૯ની કલમ ૭૩(ગ) અન્વયે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને રૂ.૫૦૦૦/- સુધીની ખર્ચ કરવાની અને કરાર કરવાની સત્તા આપવામાં આવેલ છે. તથા ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક ન. UDUHD/MSM/e-file/18/2025/0773/ P Section, Dt. 12-02-2025 થી વાપી મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને રૂ.૫૦૦૦૦૦/- સુધીની ખર્ચ કરવાની અને કરાર કરવાની સત્તા આપવામાં આવેલ છે. વધુમાં ધી જી.પી.એમ.સી એક્ટ૧૯૪૯-ની કલમ ૬૯ અન્વયે તથા માન.વહીવટદારશ્રીના તા.૨૮.૦૨.૨૦૨૫ના રોજનો ઠરાવ નંબર.૫૯ થી નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અને સિટી ઇજનેરશ્રીને રૂ.૧૦૦૦૦૦/- સુધીના ખર્ચ કરવાની અને કરાર કરવાની સત્તા આપવામાં આવેલ છે. વધુમાં માન.વહીવટદારશ્રીના તા.૨૮.૦૭.૨૦૨૫ના રોજનો ઠરાવ નંબર.૩૬૭ થી ટાઉન પ્લાનરશ્રીને રૂ.૧૦૦૦૦૦/- સુધીના ખર્ચ કરવાની અને કરાર કરવાની સત્તા આપવામાં આવેલ છે.

વધુમાં હાલમાં ચૂંટાયેલ પાંખ અસ્તિત્વમાં હોય તથા ધી જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯-ની કલમ-૨૦ અન્વયે સ્થાયી સમિતિની રચના કરવામાં આવેલ છે. જે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને રૂ.૫૦૦૦૦૦/- સુધીની તથા નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,

FOR INFORMATION PURPOSE

સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનરશ્રીને રૂ.૧૦૦૦૦૦/- સુધીની સત્તાથી વધુના કામો નક્કી કરવા, ટેન્ડર મંજુર કરવા તથા ખર્ચ કરવાની સત્તા સ્થાયી સમિતિને આપવાનું તા.૧૧/૦૯/૨૦૨૬ ના રોજ સ્થાયી સમિતિમાં સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે. તથા તમામ મંજુર થયેલ કામોના કરાર કરવાની સત્તા નાયબ મ્યુનીસીપલ કમિશ્નરશ્રી/સીટી ઈજનેરશ્રી/ટાઉન પ્લાનરશ્રીને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે. જે સ્થાયી સમિતિની ભલામણને આજની સભામાં સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૨૧

કામ નં.૩- તા.૧૧/૦૯/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ વાપી મહાનગરપાલિકાના મંજુર સંવર્ગો પૈકીની જગ્યાઓની દિવ્યાંગ કેટેગરી બાબતે.

વાપી મહાનગરપાલિકાની તા.૧૧/૦૯/૨૦૨૬ ની સ્થાયી સમિતિનો ઠરાવ નં.૧૩૦ આજની સભામાં બહાલી અર્થે રજુ કરવામાં આવ્યું જેમાં દર્શાવ્યા મુજબ વહીવટદારશ્રીના ઠરાવ ક્રમાંક:૪૫૨ તા.૦૬/૧૦/૨૦૨૫ થી વર્ગ-૧ની વૈધાનિક પ્રકારની ૧૦ સંવર્ગોની કુલ ૧૩ જગ્યાઓ અને ઠરાવ ક્રમાંક:૪૫૧ તથા તા.૦૬/૧૦/૨૦૨૫ થી વર્ગ-૨ ના ૨૫ સંવર્ગો તથા વર્ગ-૩ના ૪૪ સંવર્ગોની કુલ ૨૬૬ જગ્યાઓ વાપી મહાનગરપાલિકા માટે ઊભી કરવામાં આવેલ છે. આમ મંજૂર કરવામાં આવેલ જગ્યાઓના સંવર્ગોમાં દિવ્યાંગજનોની સહભાગિતા સુનિશ્ચિત કરવા માટે સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકારના તા.૧૭/૦૯/૨૦૨૧ના ઠરાવ મુજબ વાપી મહાનગરપાલિકાની મહેકમની જગ્યાઓ અંગે સામેલ Annexure મુજબની દિવ્યાંગતા સુનિશ્ચિત કરવામાં આવે છે તથા જગ્યાઓ અનામત રાખવા માટે સરકારશ્રીની પ્રવર્તમાન સૂચનાઓને અનુસરવાનું ઠરાવવામાં આવે છે. મહાનગરપાલિકામાં જરૂરિયાત મુજબ દિવ્યાંગતા અનામતમાંથી મુક્તિ મેળવવા તથા સુનિશ્ચિત કરવામાં આવેલ દિવ્યાંગતામાં વખતોવખત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ સુધારા કરવા સહિત ઠરાવની અમલવારી બાબતે જરૂરી આનુષાંગિક કાર્યવાહી કરવાની તમામ સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીને સોંપવાનું થાય છે તથા, તેની અમલવારી અને સુધારા/વધારા કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશ્નરને આપવાનું તા. ૧૧/૦૯/૨૦૨૬ ના રોજની સ્થાયી સમિતિમાં સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે. જે સ્થાયી સમિતિની ભલામણને સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

સદરહુ જગ્યાઓ ઉપર નિર્દેશિત દિવ્યાંગતા માં જ્યાં (Range) મર્યાદા લાગુ પડતી હોય તેવી તમામ દિવ્યાંગતાઓમાની મર્યાદા (Range) ૪૦-૭૦ % ગણવાની રહેશે.

એનેક્ષર

વાપી મહાનગરપાલિકા મહેકમ વર્ગ-૩ ની જગ્યાની દિવ્યાંગતા દર્શાવતું પત્રક

સંદર્ભ :- ભારત સરકારના ગેઝેટ નં. CG-DL-E-13012021-224370 તા. ૦૪/૦૧/૨૦૨૧

ક્રમ	કેડરનું નામ	વર્ગ	મહાનગરપાલિકા દ્વારા માન્ય રખાયેલ દિવ્યાંગતા			
			A	B	C	D & E
1	પ્લાનીંગ આસીસ્ટન્ટ	3		D, HH	BA, BL, OA, OL, OAL, CP, LC, Dw, AAV, SD, SI,	SLD, MI, MD Involving (A) to (C) above
2	ઓફીસ સુપ્રિટેન્ડન્ટ	3	B, LV	D, HH	BA, BL, OA, OL, OAL, BLOA, BLA, CP, LC, DW, AAV, Mdy, SD, SI	MI, MD involving (A) to (D) above
3	વિજીલન્સ અધિકારી	3	B, LV	D, HH	BA, BL, OA, OL, OAL, LC, Dw, AAV, Mdy, SD, SI	MI, MD involving (A) to (D) above
4	આસિસ્ટન્ટ લેબર અધિકારી	3	B, LV	D, HH	BA, BL, OA, CP, LC, Dw, AAV, SD, SI	ASD (M), SLD, MI, MD Involving (A) to (D) above

FOR INFORMATION PURPOSE

5	ઈ.ડી.પી. મેનેજર	3	B, LV	D, HH	BA, BL, OA, OL, OAL, CP, LC, DW, AAV, SD, SI	SLD, MI, ASD(M), MD involving (A) to (D) above
6	હાર્ડવેર એન્જીનીયર	3	LV	D, HH	BA, BL, OA, OL, CP, LC, Dw, AAV, SD, SI	ASD (M), SLD, MI
7	અધિક મદદનીશ ઇજનેર(સીવિલ)	3		D, HH	BA, BL, OA, OL, CP, LC, Dw, AAV, SD, SI	SLD, MI, MD Involving (B) to (D) above
8	અધિક મદદનીશ ઇજનેર(મીકેનીકલ)	3		D, HH	BA, BL, OA, OL, DW, AAV, SD, SI	SLD, MI, MD Involving (B) to (D) above
9	અધિક મદદનીશ ઇજનેર(ઇલેક્ટ્રીકલ)	3		D, HH	BA, BL, OA, OL, OAL, CP, LC, DW, AAV, SD, SI	SLD, MI, MD Involving (B) to (D) above
10	ટ્રાન્સપોર્ટ મેનેજર	3		D, HH	OL, Dw, AAV	MD involving (B) to (D) above
11	એસ્ટેટ ઇન્સપેક્ટર	3	B, LV	D, HH	BA, BL, OA, OL, OAL,CP, Dw, LC, AAV, SD, SI	SLD, MI, MD involving (B) to (D) above
12	સેનેટરી ઇન્સ્પેકટર	3		D, HH	BA, BL, OA, OL, CP, LC, Dw, BLOA, OAL, Mdy, AAV, SD, SI,	ASD (M), SLD, ID, MI,MD Involving (A) to (D) above
13	આસિસ્ટન્ટ લીગલ ઓફીસર	3	B, LV	HH	BA, BL, OL, OA, OAL, BLOA, BLA, LC, DW, AAV, SD, SI	SLD, MD involving (A) to (D) above
14	બાગાયત સુપરવાઈઝર	3	LV	D, HH	BA, BL, OA, OL, CP, LC, DW, AAV,SD,SI	SLD, MI, MD Involving (A) to (D) above
15	સબ ફાયર ઓફિસર	3		HH (40%-70%)	AAV	ASD(M), SLD, MI, MD(B&C) Involving (A) to (C)
16	ટેક્ષ ઇન્સપેક્ટર	3	B, LV	D, HH	BA, BL, OA, OL, OAL, BLOA, BLA, CP, LC, Dw, AAV, Mdy, SD,SI	MI, MD Involving (A) to (D) above
17	ડેપ્યુટી એકાઉન્ટન્ટ / ડેપ્યુટી ઓડીટર	3	B, LV	D, HH	BA, BL, OA, OL, OAL, CP, LC, Dw, AAV, SD, SI	SLD, MI, MD Involving ((A) to (D) above
18	ફૂડ સેફ્ટી ઓફિસર	3	LV	D, HH	BA, BL, OA, OL, AL, CPLC, , Dw, AAV, SD, SI	SLD, MI, MD Involving (A) to (D) above
19	લાઈબ્રેરીયન	3	B,LV	D, HH	BA, BL, OA, OL,OAL, CP, LC, Dw, AAV, Mdy, SD, SI	ASD (M), ID, SLD involving (A) to (C) above
20	ટેક્નીકલ સુપરવાઈઝર (પર્યાવરણ)	3		D,HH	BA, BL, OA, LC, DW, AAV, SD, SI	ASD (M), SLD, MI, MD Involving (A) to (D) above
21	હેડ ક્લાર્ક	3	B,LV	D,HH	BA, BL, OA, OL, OAL, CP, LC, Dw, AAV, SD, SI	SLD, MI, MD involving (A) to (D) above
22	આસી. એકાઉન્ટન્ટ / આસી.	3	B, LV	D, HH	BA, BL, OA, OL, OAL, CP,	SLD, MI, MD Involving (A) to

FOR INFORMATION PURPOSE

	ઓડીટર				LC, DW, AAV, SD, SI	(D) above
23	વર્ક આસિસ્ટન્ટ	3	B, LV	D, HH	BA, BL, OL, CP, LC, Dw, AAV, SD, SI	ASD (M, MoD), ID, SLD, MI,MD involving (A) to (D) above
24	વર્ક આસિસ્ટન્ટ (સિવિલ)	3		D, HH	BA, BL, OA, OL, CP, LC, DW, AAV, SD,SI	SLD, MI, MD Involving (B) to (D) above
25	વર્ક આસિસ્ટન્ટ (મિકેનીકલ)	3		D, HH	BA, BL, OA, OL, DW, AAV, SD, SI	SLD, MI, MD Involving (B) to (D) above
26	વર્ક આસિસ્ટન્ટ (ઇલેક્ટ્રીકલ)	3		D, HH	BA, BL, OA, OL, OAL, CP, LC, DW, AAV, SD, SI	SLD, MI, MD Involving (B) to (D) above
27	ફૂડ સેફ્ટી ઇન્સપેક્ટર	3	LV	D, HH	BA, BL, OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, SD, SI	SLD, MI, MD involving (A) to (D) above
28	સેનેટરી સબ ઇન્સ્પેક્ટર	3	B, LV	D, HH	BA, BL, OA, OL, CP, LC, DW, BLOA, OAL, Mdy, AAV, SD, SI	ASD (M), SLD, ID, MI,MD Involving (A) to (D) above
29	સર્વેયર	3	B, LV	D, HH	BA, BL, OA, OL, LC, Dw, AAV, SD, SI	SLD, MI, MD involving (A) to (C) above
30	સબ રજીસ્ટ્રાર	3		D, HH	BA, BL, OA OL, OAL, CP, LC, DW, AAV, Mdy, SD, SI	ASD (M), SLD, MI, MD involving (A) to (D) above
31	સીનીયર ક્લાર્ક	3	B, LV	D, HH	BA, BL, OA, OL, OAL, CP, LC, DW, AAV, SD, SI	ASD (M), SLD, MI, MD involving (A) to (D) above
32	મદદનીશ લાઈબ્રેરીયન	3	LV	D, HH	BA, BL, OA, OL, OAL, CP, LC, Dw, AAV, SD, SI	ASD (M), SLD, MI, MD involving (A) to (D) above
33	લાઈવ સ્ટોક ઇન્સ્પેક્ટર	3		D, HH	BA, BL, OA, OL, CP, LC, Dw, AAV, Mdy, SD, SI	SL.D, MI, MD Involving (A) to (C) above
34	અંગત મદદનીશ	3	B, LV	D, HH	BA, BL, OA, OL, OAL, CP, LC, DW, AAV, Mdy, SD, SI	ASD (M), SLD, MI, MD involving (A) to (D) above
35	ફિલ્ડ સુપરવાઈઝર	3	B, LV	D, HH	BA,BL, OA, OL, OALLC, , Dw, AAV, SD, SI	ASD (M, MoD), ID, SLD, MI, MD involving (A) to (D) above
36	ક્લાર્ક	3	B, LV	D, HH	BA, BL, OA, OL, OAL, CP, LC, DW, AAV, MdySD, , SI	ASD (M), SLD, MI, MD involving (A) to (D) above
37	લીડીંગ ફાયરમેન /જમાદાર	3		D, HH	ASD (M), SLD	MD involving (a) to (b) above
38	મલ્ટી પર્પસ હેલ્થ સુપરવાઈઝર	3	B, LV	D, HH	BA, BL,OL, CP, LC, DW, AAV, Mdy,SD,SI	SLD, MI, MD involving (a) to (d) above
39	લેબોરેટરી ટેક્નીશીયન	3		D, HH	BA, BL,OL, BL, Dw, AAV,SD,SI	ASD (M), SLD, MI, MD involving (a) to (c) above
40	ફાર્માસીસ્ટ	3		D, HH	BA, BL, OL, BL, CP, LC,	ASD (M), SLD, MI, MD

FOR INFORMATION PURPOSE

					Dw, AAV,SD,SI	involving (a) to (c) above
41	સ્ટાફ નર્સ	3	LV		BA, BL,OL, CP, LC, DW, AAV,SD,SI	SLD, MI, MD involving (a) to (c) above
42	ફીમેલ હેલ્થ સુપરવાઈઝર	3	LV	D, HH	BA,BL, OL, CP, LC, Dw, AAV,SD,SI	SLD, MI, MD involving (a) to (d) above
43	ફીમેલ હેલ્થ વર્કર	3	LV		BA, BL,OL, CP, Dw, AAV,SD,SI	ID, MI, MD involving (a) to (c) above
44	મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર	3	LV	D, HH	BA, BL,OL, CP, Dw, AAV,SD,SI	ID, MI, MD involving (a) to (c) above
45	ડ્રેસર / કેસ રાઈટર	3	LV		BA, BL, OL, DW, AAV, SD, SI	ID, SLD, MI, MD involving (a) to (d) above
46	ડ્રાઈવર	3	LV	D, HH	BA, BL,OL, DW, AAV, SD , SI	ASD (M), SLD,MI, MD involving (a) to (d) above
47	ડ્રાઈવર (ફાયર)	3				

સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૨૨

કામ નં.૪- તા.૧૧/૦૯/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ રીકન્સ્ટ્રકશન ઓફ આર.ઓ.બી એન્ડ આર.યુ.બી એટ એક્સીટિંગ આર.ઓ.બી એટ રેલ્વે ચે.172/16-18 એટ વાપી "પ્રોજેક્ટના કામે મોજે- વાપી, જી-વલસાડની જમીન સંપાદન બાબત.

વાપી મહાનગરપાલિકાની તા.૧૧/૦૯/૨૦૨૬ ની સ્થાયી સમિતિનો ઠરાવ નં.૧૩૨ આજની સભામાં બહાલી અર્થે રજુ કરવામાં આવ્યું જેમાં દર્શાવ્યા મુજબ સક્ષમ સત્તાધિકારી જમીન સંપાદન અને પ્રાંત અધિકારીશ્રી, પારડીનો તા-10/08/2026 ના પત્રથી રીકન્સ્ટ્રકશન ઓફ આર.ઓ.બી એન્ડ આર.યુ.બી એટ એક્ઝિસ્ટિંગ આર.ઓ.બી એટ રેલ્વે ચે.172/16-18 એટ વાપી "પ્રોજેક્ટના કામે મોજે- વાપી, જી-વલસાડની જમીન સંપાદન બાબતે ગુજરાત જમીન સંપાદન કાયદો,2013 અંતર્ગત સદરહુ આર.ઓ.બી ના જમીન સંપાદન દરખાસ્ત અન્વયે વાપી મહાનગરપાલિકાની સંમતિનો ઠરાવની માંગણી કરેલ છે. જે સદરહુ બાબતે અત્રેની કચેરીનું ના-વાંધા પ્રમાણપત્ર (સંમતિ) આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા આગળની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુનીસીપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું થાય છે. જે સ્થાયી સમિતિની ભલામણને સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૨૩

કામ નં.૫- તા.૧૧/૦૯/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ વાપી મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં સી.એમ. મોર્ડન સ્ટ્રીટ વેન્ડીંગ માર્કેટ યોજના હેઠળ દરખાસ્ત મંજુર કરવા બાબતે.

વાપી મહાનગરપાલિકાની તા.૧૧/૦૯/૨૦૨૬ ની સ્થાયી સમિતિનો ઠરાવ નં.૧૩૪ આજની સભામાં બહાલી અર્થે રજુ કરવામાં આવ્યું જેમાં દર્શાવ્યા મુજબ શહેરી વિસ્તારમાં છુટા છવાયા ફેરી કરતા શહેરી ફેરિયાઓ સુવ્યવસ્થિત અને સુસંગત રીતે વેચાણ કરી શકે તે માટે સરકારશ્રી દ્વારા કાયમી વેન્ડીંગ માર્કેટ બનાવવા માટે યોજના અમલમાં મુકેલ છે. આ જમીન વાપી મહાનગરપાલિકાના સુલપડ વિસ્તારમાં આવેલ છે. જે નાઈટ શેલ્ટર હોમ ની સામેની સાઈડ આવેલ છે. આ જગ્યામાં વેન્ડીંગ માર્કેટ બનાવવાની થાય છે જેના જમીનનો સર્વે નંબર ૬૪૦/અ જે જમીનનું કુલ ક્ષેત્રફળ ૫૨૬૧ sqm છે. જેમાંથી ૭૦૦ sq.mt. જેટલી જગ્યા "સી.એમ. મોર્ડન સ્ટ્રીટ વેન્ડીંગ માર્કેટ" માટે ફાળવવામાં આવેલ છે. તથા "સી.એમ. મોર્ડન સ્ટ્રીટ વેન્ડીંગ માર્કેટ" યોજનામાં મોર્ડન સ્ટ્રીટ વેન્ડીંગ માર્કેટ બનાવવા માટે જોગવાઈ અનુસાર નાણાકીય સહાય મળવાપત્ર છે. જે અન્વયે સરકારશ્રી દ્વારા ૯૦% ગ્રાન્ટ આપવામાં આવનાર હોય તથા ૧૦% ફાળો સંબંધિત મહાનગરપાલિકા દ્વારા

FOR INFORMATION PURPOSE

આપવાનો હોય આપના દ્વારા ઉપરોક્ત ગ્રાન્ટની સહાય મેળવવા અર્થે ઉપરોક્ત કામે સુનિશ્ચિત સુવિધાઓનો સમાવેશ થાય એ મુજબનો ડી.પી.આર. સહિત ગુજરાત શહેરી આજીવિકા મિશનના પત્ર ક્રમાંક નં. GULM/SVP/e-file/248/2026/0068/GULM/166 હેઠળના પત્રથી દરખાસ્ત મોકલવા જણાવવામાં આવેલ છે. જે અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના ધારાધોરણ મુજબ વાપી મહાનગરપાલિકા ખાતે સુલપડ વિસ્તારમાં વેન્ડીંગ માર્કેટ બનાવવાના કામે વિગતવાર ડી.પી.આર. સહિતની દરખાસ્ત તૈયાર કરવાની થાય છે. જે ધ્યાને લઈ વાપી મહાનગરપાલિકાના સુલપડ વિસ્તારમાં વેન્ડીંગ માર્કેટ બનાવવાના કામની દરખાસ્ત મંજુર કરવાનું તા. ૧૧/૦૯/૨૦૨૬ ના રોજની સ્થાયી સમિતિમાં સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે. જેની આગળની કાર્યવાહી કરવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે. જે સ્થાયી સમિતિની ભલામણને સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૨૪

- વધુમાં, આ બાબતે ડેપ્યુટી મેયરશ્રી દ્વારા સભાને માહિતગાર કરતાં જણાવવામાં આવ્યું કે, સી.એમ. મોર્ડન સ્ટ્રીટ વેન્ડિંગ માર્કેટ (CM Modern Street Vending Market) બનાવવાનું કામ સુલપડથી શરૂ કરવામાં આવ્યું છે. આગામી દિવસોમાં અન્ય વોર્ડ/વિસ્તારોમાં પણ આ જ ધોરણે સ્ટ્રીટ વેન્ડિંગ માર્કેટ બનાવવાનું આયોજન હોય, જો અન્ય વોર્ડ/વિસ્તારમાં આ પ્રકારે માર્કેટ બનાવવા માટે યોગ્ય સરકારી/પાલિકા હસ્તકની જગ્યા પ્રાપ્ય હોય તો તેની જાણ કરવા સભ્યશ્રીઓને જણાવાયું.

કામ નં.૬- તા.૨૧/૦૯/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ વાપી શહેરી બસ સેવાના સંચાલન, જાળવણી અને નીતિ ઘડતર માટે સ્પેશીયલ પર્પઝ વ્હીકલ(SPV) ના રિવાઈઝ્ડ બોર્ડ ઓફ ડીરેક્ટરો તથા શેર કેપીટલની મંજૂરીને બહાલી આપવા બાબત.

વાપી મહાનગરપાલિકાની તા.૨૧/૦૯/૨૦૨૬ ની સ્થાયી સમિતિનો ઠરાવ નં.૧૪૧ આજની સભામાં બહાલી અર્થે રજુ કરવામાં આવ્યું જેમાં દર્શાવ્યા મુજબ વાપી મહાનગરપાલિકા દ્વારા અગાઉ વહીવટદારશ્રીના ઠરાવ નં.૪૫ તા.૦૨/૦૨/૨૦૨૬ થી "વાપી સીટી બસ સર્વિસ લિમિટેડ" ના નામે કંપની(SPV) બનાવવા તથા બોર્ડ ઓફ ડિરેક્ટરોની નિમણૂક તથા શેર કેપિટલની મંજુરી આપવાનું ઠરાવવામાં આવેલ છે. જે બાદ બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં સમાવેશ થયેલ Dy. Municipal Commissioner (Project), VPMC – MD & CEOશ્રીની બદલી થતાં તે પદ ખાલી હોવાથી તથા નવી નિમણૂક કરવામાં આવેલ ન હોવાથી અન્ય Dy. Municipal Commissioner, VPMC શ્રી, વાપી મહાનગરપાલિકા પાસે ટ્રાન્સપોર્ટ વિભાગનો ચાર્જ હતો તથા તેઓ VUDA (CEA) તરીકે પણ કાર્યરત હતાં. આથી એક જ વ્યક્તિ બે અલગ અલગ પદ' પર બોર્ડ ઓફ ડિરેક્ટર તરીકે રહી શકતા ન હોવાથી, બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં જરૂરી ફેરફાર કરવાનું યોગ્ય હોવાથી વહીવટદારશ્રી, વાપી મહાનગરપાલિકા દ્વારા ઠરાવ નં.૧૫૬ તા.૩૦/૦૩/૨૦૨૬ થી રીવાઇઝ્ડ બોર્ડ ઓફ ડિરેક્ટરોની તથા શેર કેપિટલની મંજુરી આપવાનું ઠરાવવામાં આવેલ. જે બાદ તા.૩૦/૦૬/૨૦૨૬ ના રોજ વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભામાં ખાસ સમિતિઓ અને સમિતિના ચેરમેન/સભ્યોની મંજુરી આપવામાં આવેલ છે. જે ધ્યાને લઇ બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં જરૂરી ફેરફાર કરવાનું યોગ્ય જણાય છે. તે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા રજુ કરેલ રીવાઈઝ્ડ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા રીવાઈઝ શેર કેપિટલની વિગતો અંગે ચર્ચા વિચારણા કરતા નીચે મુજબના રીવાઈઝ્ડ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા રીવાઈઝ શેર એલોટમેન્ટ ની વિગતો નીચે મુજબ મંજુર કરવાની થાય છે.

- રીવાઈઝ્ડ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની વિગત

SR. NO.	Board of Directors Details	Position
1	Commissioner, VPMC	Chairman, VCSL
2	Dy. Municipal Commissioner, VPMC	MD & CEO

FOR INFORMATION PURPOSE

3	Dy.Mayor,VPMC	Director
4	Chairman Standing Committee, VPMC	Director
5	Chairman Transport Committee, VPMC	Director
6	Transport Manager, VPMC	Director
7	City Engineer, VPMC	Director
8	Chief Accountant, VPMC	Director
9	Representative of VUDA (Junior Town Planner)	Director
10	Police Representative (DYSP, Vapi)	Invites
11	RTO, Valsad	Invites

- **રીવાઈઝડ શેર એલોટમેન્ટની વિગત**

Sr. No.	Subscriber	No. of Shares	% Holding
1	Vapi Municipal Corporation (VPMC) Authorized Commissioner, VPMC	24,99,992	99.99968%
2	Dy. Municipal Commissioner, VPMC	1	0.00004%
3	Dy. Mayor, VPMC	1	0.00004%
4	Chairman Standing Committee, VPMC	1	0.00004%
5	Chairman Transport Committee, VPMC	1	0.00004%
6	Transport Manager, VPMC	1	0.00004%
7	City Engineer, VPMC	1	0.00004%
8	Chief Accountant, VPMC	1	0.00004%
9	Representative of VUDA (Junior Town Planner)	1	0.00004%
	Total	**25,00,000**	**100%**

ઉપરોક્ત સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV)નાં રીવાઈઝડ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની નિમણૂકની તથા શેર એલોટમેન્ટની મંજુરી તા. ૨૧/૦૯/૨૦૨૬ ના રોજ લેવાયેલ સ્થાયી સમિતિમાં સર્વાનુમતે મંજુર કરવા ઠરાવેલ છે. જે સ્થાયી સમિતિની ભલામણને આજની સભામાં સર્વાનુમતે બહાલી આપવનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૨૫

FOR INFORMATION PURPOSE

વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

તા.૩૦/૦૯/૨૦૨૬

.....

કામ નં.૭- તા.૨૧/૦૯/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ તત્કાલીન નગરપાલિકા ધ્વારા નિયુક્ત થયેલ અને હાલે વાપી મહાનગરપાલિકામાં કામગીરી ફીક્સ પગાર આધારિત કર્મચારીઓ (સફાઈ કામદારો) ને લાંબા સમયગાળાની નિમણુકને બહાલી આપવા બાબત.

વાપી મહાનગરપાલિકાની તા.૨૧/૦૯/૨૦૨૬ ની સ્થાયી સમિતિનો ઠરાવ નં.૧૪૨ આજની સભામાં બહાલી અર્થે રજુ કરવામાં આવ્યું જેમાં દર્શાવ્યા મુજબ વાપી નગરપાલિકામાં પસંદગી સમિતિ દ્વારા તૈયાર કરેલ ઉમેદવારોની યાદીથી તત્કાલિન વાપી નગરપાલિકાના પસંદગી સમિતિ દ્વારા સફાઇ કામદારોની પસંદગી કરાયેલ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવેલ હતી. જે વાપી નગરપાલિકામાં પસંદગી સમિતિ દ્વારા તૈયાર કરેલ ઉમેદવારોની યાદીના આધિને પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓની કચેરી, સુરતના હુકમ નં.પ્રાકન/મકમ/વાપી/ સફાઇકામદાર/ભરતી/વશી/૬૪૮૨ થી ૬૪૮૩/૨૦૨૧, તા.૦૫/૧૦/૨૦૨૧ થી વાપી નગરપાલિકા ખાતે સફાઇ કામદારોની સીધી ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી કુલ-૫૭ ઉમેદવારોની પસંદગી કરી હુકમ કરવામાં આવેલ છે.

વધુમાં ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફિકેશન નં. KV-10 of 2025 -UDUHD/COC/e-file/18/2024/6141/P Section DL01-01-2025 હેઠળના નોટીફીકેશનથી નવરચિત વાપી મહાનગરપાલિકાની રચના કરવામાં આવેલ છે. જેમાં વાપી નગરપાલિકા ઉપરાંત આસપાસના કુલ-૧૨ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. જે ગામોમાં નામધા, ચંડોર, બલિઠા, છીરી, છરવાડા, સલવાવ, વટાર, કુંતા, તરકપારડી, મોરાઈ, ચણોદ, કરવડનો સમાવેશ થયેલ છે.

વધુમાં ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફિકેશન નં. KV-11 of 2025 -UDUHD/COC/e-file/18/2024/6141/P Section D1.01-01-2025 થી કાયદાની કલમ-૪૯૩ હેઠળના પરિશિષ્ટ-૪ના ભાગ નં.૪ના ફકરા નં.૨૨ અને ૨૨(બી) દ્વારા આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને વાપી મહાનગરપાલિકા ખાતેની વાપી શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના કરવા તા.૦૧/૦૧/૨૦૨૫ થી જિલ્લા કલેકટરશ્રી,વલસાડને એક વર્ષના સમયગાળા માટે તથા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પ્રથમ ચૂંટણીમાં કાઉન્સિલરો ચૂંટાય ન જાય ત્યાં સુધી વાપી મહાનગરપાલિકાના વહીવટદારશ્રી તરીકે નિયુકત કરવામાં આવેલ છે. તેમજ ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફિકેશન નં. KV-12 of 2025 -UDUHD/COC/e-file/18/2024/6141/P Section Dt.01-01-2025 થી પહેલાંના તત્કાલિન નગરપાલિકા અને ગ્રામ પંચાયતોના કર્મચારી રહેલા તમામ અધિકારી/કર્મચારી અને સેવકોને વાપી મહાનગરપાલિકામાં સમાવેશ કરવામાં આવેલ છે.

વધુમાં માન વહીવટદારશ્રીનો ઠરાવ નં.૪૫૧ અને ૪૫૨, તા.૦૬.૧૦.૨૦૨૫ થી સરકારશ્રી દ્વારા ઉભી કરવામાં આવેલ નવરચિત મહાનગરપાલિકા હસ્તકની ધી ગુજરાત પ્રોવિઝનલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ ની કલમ-૪૫ અને કલમ-૫૧(૪)ની જોગવાઈ હેઠળ વર્ગ-૧ અને વર્ગ-૨ ની વૈધાનિક જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે,તથા વાપી મહાનગરપાલિકાની વર્ગ-૨ અને વર્ગ-૩ની જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે. જે વાપી મહાનગરપાલિકામાં અપનાવવા માટે સેટઅપ મુજબની જગ્યા મંજૂર કરવા માટે માન વહીવટદારશ્રી દ્વારા ઠરાવ નં.૪૫૧, તા.૦૬.૧૦.૨૦૨૫ થી ઠરાવ કરવામાં આવેલ છે. જેમાં વર્ગ-૪ ની જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ ન હતી.

ઉક્ત માન વહીવટદારશ્રીનો ઠરાવ નં.૪૫૩, તા.૦૬.૧૦.૨૦૨૫ હેઠળથી મંજુર થયેલ મહેકમ સેટઅપમાં વર્ગ-૪ની જગ્યાઓ મંજુર કરવામાં આવેલ ન હોવાથી તથા શરત નં.૧૦માં વર્ગ-૪ની જગ્યાઓ આઉટસોર્સિંગથી ભરવા માટે જણાવેલ છે.પરંતુ તત્કાલીન નગરપાલિકાના કાયમી મહેકમ સેટઅપ ઉપર ભરતી થયેલ અને તત્કાલીન નગરપાલિકામાં કામગીરી કરતા વર્ગ-૪ના કુલ-૬૮ કર્મચારીઓને જયારે બઢતી આપવામાં આવે અથવા તો તેઓ નિવૃત થાય ત્યાં સુધી સદર જગ્યા મહાનગરપાલિકામાં ચાલુ રાખવા માટે માન વહીવટદારશ્રીનો ઠરાવ નં.૪૫૩, તા.૦૬.૧૦.૨૦૨૫ અને અત્રેના સ્થાયી સમિતિના ઠરાવ નં.૪૫(૩), તા.૨૨/૦૬/૨૦૨૬ હેઠળના ઠરાવથી ઠરાવેલ છે. જે અત્રેના સ્થાયી સમિતિના ઠરાવ નં.૪૫(૩),

FOR INFORMATION PURPOSE

વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

તા.૩૦/૦૯/૨૦૨૬

તા.૨૨/૦૬/૨૦૨૬ ના ઠરાવના આધિને તત્કાલિન નગરપાલિકા સમયથી વર્ગ-૩ અને વર્ગ-૪નાં વિવિધ સંવર્ગો ઉપર ફરજ બજાવી રહેલ ફિક્સ કર્મચારીઓને નવરચિત વાપી મહાનગરપાલિકામાં સમાવેશ કરવામાં આવેલ છે. જે સંવર્ગો પૈકી તત્કાલિન નગરપાલિકા દ્વારા તા.૨૨/૧૦/૨૦૨૧ થી નિમણુંક પામેલ અને હાલમાં વાપી મહાનગરપાલિકામાં સમાવેશ થયેલ વર્ગ-૪ ના નીચે મુજબના સફાઇ કામદારોને તેઓના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન તેઓની કપાત પગારના દિવસોને ધ્યાને લઇ એટલે કે કપાત પગારના દિવસો જેટલા દિવસો થશે તેટલા દિવસો પાંચ વર્ષના પૂર્ણતામાં વધુ લંબાવી પાંચ વર્ષનો સમયગાળો ગણી તેઓને લાંબાગાળાની નિમણુંક આપવાની થાય છે. જેને તા. ૨૧/૦૯/૨૦૨૬ ના રોજની સ્થાયી સમિતિની સભામાં સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ છે. જે સ્થાયી સમિતિની ભલામણને આજની સભામાં સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

Sr No.	Name	Designation	હાજર તારીખ
1	જીતેશભાઈ હરીશભાઈ સોલંકી	સફાઇ કામદાર	22-10-2021
2	સુનિલભાઈ દિનેશભાઈ સોલંકી	સફાઇ કામદાર	22-10-2021
3	અરુણ વિનોદભાઇ સોલંકી	સફાઇ કામદાર	22-10-2021
4	લાલી કન્ના હરીજન	સફાઇ કામદાર	22-10-2021
5	કેતન હરીશ પરમાર	સફાઇ કામદાર	22-10-2021
6	જીગર જતેન્દ્રભાઇ સોલંકી	સફાઇ કામદાર	22-10-2021
7	વિમલ ભુપેન્દ્ર રાવલ	સફાઇ કામદાર	22-10-2021
8	રામા મિલન થાપા	સફાઇ કામદાર	25-10-2021
9	ધવલ નવિનભાઈ પટેલ	સફાઇ કામદાર	25-10-2021
10	દિવ્યેશ ઝવેરભાઇ પટેલ	સફાઇ કામદાર	25-10-2021
11	અક્ષય કીકુભાઈ પટેલ	સફાઇ કામદાર	25-10-2021
12	ઉષા સદાશીવ કસ્બે	સફાઇ કામદાર	25-10-2021
13	જીતેન્દ્ર રતીલાલ કસબે	સફાઇ કામદાર	25-10-2021
14	નિમિષા ચીરાગ અભોડે	સફાઇ કામદાર	25-10-2021
15	પ્રિયંકા ભીખુભાઇ પરમાર	સફાઇ કામદાર	25-10-2021
16	દશરથ શીવા ઢાલવાલે	સફાઇ કામદાર	25-10-2021
17	મયંક ભીખુભાઇ આહિર	સફાઇ કામદાર	25-10-2021
18	જયેશ રતીલાલ આહીર	સફાઇ કામદાર	25-10-2021
19	હસમુખ નટુભાઈ આહિર	સફાઇ કામદાર	25-10-2021
20	હિનાલી કિરણ બોરડીયા	સફાઇ કામદાર	25-10-2021
21	નિર્મલ ભીખુભાઈ આહિર	સફાઇ કામદાર	25-10-2021
22	જયેશ બાબુભાઈ આહિર	સફાઇ કામદાર	25-10-2021
23	ખુશ્બુ મનેશભાઇ આહિર	સફાઇ કામદાર	25-10-2021
24	મોહિની અજયભાઇ પટેલ	સફાઇ કામદાર	25-10-2021
25	હસુબેન ગીરીશભાઇ આહીર	સફાઇ કામદાર	25-10-2021
26	વાસંતીબેન કાંતી મૈસુરીયા	સફાઇ કામદાર	26-10-2021
27	રાકેશ ઉદય હળપતિ	સફાઇ કામદાર	26-10-2021
28	નૈતિક હરીશ કંથારીયા	સફાઇ કામદાર	26-10-2021
29	વિરેન્દ્રસિંહ કુલસિહ પરમાર	સફાઇ કામદાર	26-10-2021
30	મોતીબેન યોગેશ સોલંકી	સફાઇ કામદાર	26-10-2021
31	જીગર રમેશભાઇ પરમાર	સફાઇ કામદાર	26-10-2021

FOR INFORMATION PURPOSE

32	દક્ષાબેન ગમનભાઇ પટેલ	સફાઇ કામદાર	26–10–2021
33	હેમંત સંજયભાઈ બોરસે	સફાઇ કામદાર	26–10–2021
34	રાહુલભાઇ ભગવાનભાઇ પાર્ટીલ	સફાઇ કામદાર	26–10–2021
35	પ્રગ્નેશ હરીશભાઇ ઓઝા	સફાઇ કામદાર	26–10–2021
36	સતીષ છનાભાઇ ગાવિત	સફાઇ કામદાર	27–10–2021
37	સુનંદાબેન મોહનભાઇ ગાયકવાડ	સફાઇ કામદાર	27–10–2021
38	સ્મિતાબેન રાજેશ હળપતિ	સફાઇ કામદાર	27–10–2021
39	ધર્મિષ્ઠા ખેતુભા જાડેજા	સફાઇ કામદાર	27–10–2021
40	બંકિમકુમાર જીતેન્દ્રભાઇ ચાંપાનેરી	સફાઇ કામદાર	27–10–2021
41	પ્રિયંકાકુમારી જીજ્ઞેશકુમાર પટેલ	સફાઇ કામદાર	27–10–2021
42	કલ્પના બાબુભાઈ આહિર	સફાઇ કામદાર	27–10–2021
43	કુલદિપસિંહ મહેન્દ્રસિંહ ગોહિલ	સફાઇ કામદાર	28–10–2021
44	હિરલ ધમેન્દ્રભાઇ આહિર	સફાઇ કામદાર	28–10–2021
45	સચીન મંગાભાઇ હળપતિ	સફાઇ કામદાર	28–10–2021
46	રેખા મુકેશ લોન્ડે	સફાઇ કામદાર	28–10–2021
47	મુકેશ ગોપીચંદ લોન્ડે	સફાઇ કામદાર	28–10–2021

સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૨૬

- વધુમાં સભ્યશ્રી ખંડુભાઈ દ્વારા સભાનું ધ્યાન આકર્ષિત કરતા જણાવવામાં આવ્યું કે, સુલપડ આંબેડકર નગરમાં હયાત પે એન્ડ યુઝ ટોયલેટને તોડી નાખવામાં આવેલ છે. જેના કારણે સ્થાનિક રહીશોને અને ખાસ કરીને મહિલાઓને ખૂબ જ તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે, જેથી આ સમસ્યાનું ઝડપી નિવારણ લાવવા રજૂઆત કરવામાં આવી. આ બાબતે ડેપ્યુટી મેયરશ્રી દ્વારા ખાતરી આપતાં જણાવવામાં આવ્યું કે, સંબંધિત અધિકારીઓ મારફતે સદર જગ્યાનું રૂબરૂ નિરીક્ષણ (Site Inspection) કરાવીને જગ્યા ઉપલબ્ધ થયેથી નવું પે એન્ડ યુઝ ટોયલેટ બનાવવાનું આયોજન કરવામાં આવશે.
- વધુમાં સભ્યશ્રી ક્રિષ્ના ભાનુશાલી દ્વારા રજૂઆત કરવામાં આવી કે, વિસ્તારમાં ૨-૩ પમ્પિંગ સ્ટેશન આવેલા હોવા છતાં તેમાંથી એક પણ કાર્યરત નથી. આ બાબતે સભાને માહિતગાર કરતા જણાવવામાં આવ્યું કે, નવો STP (સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) તૈયાર કરવામાં આવેલ છે અને આ નવા STP નું જોડાણ (કનેક્ટિવિટી) પૂર્ણ થતાં જ તમામ પમ્પિંગ સ્ટેશન તબક્કાવાર કાર્યરત કરી દેવામાં આવશે.
- વધુમાં સભ્યશ્રી દિનેશભાઈ દ્વારા સભાનું ધ્યાન આકર્ષિત કરતા જણાવવામાં આવ્યું કે, ડુંગરી ફળિયામાં ડિમોલેશન કરવામાં આવ્યું હોવા છતાં હજુ પણ ઘણી જગ્યાઓએ વેરા વસુલાતની નોટિસ આપવામાં આવી રહી છે. આ બાબતે સભામાં સ્પષ્ટતા કરતા જણાવવામાં આવ્યું કે, જે મિલકતોનું ડિમોલેશન થઈ ગયેલ હોય તેવા મિલકતધારકોએ આ અંગે મહાનગરપાલિકામાં અરજી આપવાની રહેશે, જે ચકાસણી કરી યોગ્યતાના આધારે નિર્ણય લેવામાં આવશે.
- વધુમાં વિપક્ષના નેતાશ્રી પીરુભાઈ દ્વારા રજુઆત કરવામાં આવી કે, મહાનગરપાલિકા વિસ્તારમાં કેટલીક મિલકતોની આકરણી થયેલ નથી. જેથી જો આકરણી કરવામાં આવે તો મહાનગરપાલિકાની આવકમાં પણ વધારો થઈ શકે એમ છે.

FOR INFORMATION PURPOSE

જે બાબતે સભાએ જણાવ્યું કે, કાયદેસરની મિલકત ન હોવાના કારણે તથા હક/માલિકીના પ્રશ્નોના કારણે આકરણી કરવામાં આવતી નથી. પરંતુ આ બાબતે યોગ્યતાના ધોરણે નિયમોનુસાર કાર્યવાહી થવા સભાને જણાવ્યું.

- વધુમાં સભ્યશ્રી ખંડુભાઈ દ્વારા રજૂઆત કરવામાં આવી કે, મહાનગરપાલિકામાં સમાવેશ કરાયેલા ગામોના પ્રવેશદ્વાર (એન્ટ્રી પોઈન્ટ) પર જે રીતે એન્ટ્રી ગેટ/બોર્ડ લગાવવામાં આવ્યા હતાં, તે જ રીતે વિવિધ ફળિયા/વિસ્તારોના પ્રવેશદ્વાર પર પણ એન્ટ્રી ગેટ/બોર્ડ લગાવવામાં આવે, જેથી અન્ય રહીશો અને મુલાકાતીઓને ફળિયા/વિસ્તાર શોધવામાં સરળતા રહે અને ગામની સુંદરતામાં પણ વધારો થાય. આ બાબતે તેઓની રજુઆત યોગ્ય જણાતી હોય આગામી દિવસોમાં યોગ્ય તે કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું.

ઉપરોક્ત મુદ્દાઓ સિવાય અન્ય કોઈ મુદ્દાની ચર્ચા વિચારણા કરવાની રહેતી ન હોય સભામાં હાજર રહેલ તમામ સભ્યોનો આભાર માની આજની સભાનો અંત રાષ્ટ્રગાન "જન ગણ મન" નું ગાન કરી સમાપ્ત જાહેર કરવામાં આવેલ છે.

-સહી-
(દક્ષાબેન રાજેશભાઈ પટેલ)
આજની સભાના અધ્યક્ષ અને મેયર
વાપી મહાનગરપાલિકા

FOR INFORMATION PURPOSE